Dr. Subhash University

No.: DSU/Circular/HR & Admin/2026/110 Date: 19th November, 2026

Circular

To, All Staff Members and Students

Subject: **Girnar Ascending-Descending Competition**

Dear All,

Season's Greetings,

It is to inform you that District Youth Development Organisation, Govt. of Gujarat is organising "Girnar Ascending-Descending Competition" during the first week of January, 2027.

Interested Staff and Students should register themselves by filling the entry form attached herewith this circular. Please note that the dully filled form should be submitted to **Prof. Vasant Madhudiya, Assistant Professor**, College of Physical Education **on or before 5th December, 2026**.

For any further query please contact Prof. Vasant Madhudiya personally or on 9427184970

Thank you,

Dr. J. J. Patel,
The Registrar,
Dr. Subhash University,
Junagadh

DR. SUBHASH UNIVERSITY • JUNAGADH •

facebook id : Dydo Junagadh પરથી મેળવી શકાશે.

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૧–૧૨–૨૦૨૬

ફોર્મ નંબર : .....

અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા - ૨૦૨૬-૨૭

પ્રવેશ પત્ર

વિભાગ :– સિનિયર ભાઈઓ ☐ જુનિયર ભાઈઓ ☐ સિનિયર બહેનો ☐ જુનિયર બહેનો ☐

૧) સ્પર્ધકનું પૂરું નામ :– _____

(અટક પ્રથમ લખવી) _____

Full Name of Compititor :– _____

(Surname First) _____

૨) પત્ર વ્યવહારનુંપૂરુંસરનામું:– _____

ફોન નં./કોન્ટેકટ નં. અવશ્ય લખશો. _____

૩) જન્મ તારીખ : ☐☐ ☐☐ ☐☐☐☐ આધાર કાર્ડ નં. : ☐☐☐☐ ☐☐☐☐ ☐☐☐☐

૪) જન્મ સ્થળ : ગામ : _____ તાલુકો : _____ જિલ્લો : _____

૫) શૈક્ષણિક લાયકાત :– _____

૬) વિદ્યાર્થી છો ? જો હા તો કઈ શાળા :– _____

સંસ્થામાંકયા ધોરણમાંઅભ્યાસ કરો છો ? _____

૭) ખેલાડી વિદ્યાર્થી ન હોય તો જે માન્ય :– _____

સંસ્થા–કલબ–મંડળ મારફત ભાગ લેતા હોય _____

તે સંસ્થાના પૂરા નામ–સરનામાની વિગત _____

૮) શારીરિક યોગ્યતા :– ઊંચાઈ : _____ સે.મી. વજન : _____ કિ.ગ્રા.

૯) હૃદય ફેફસાની કોઈ બીમારી છે કે કેમ ? :– _____

૧૦) શરીરના હાડકા અગાઉ કયારેય ભાંગેલ છે કે કેમ ? _____

૧૧) પર્વત ચઢાણ ઉતરાણ કરવા માટેની શારીરિક યોગ્યતા ધરાવો છો ? _____

૧૨) પર્વત ચઢાણ જેવી અન્ય સાહસિક રમતોમાં _____

અગાઉ કયારેય ભાગ લીધો છે ? _____

જો હા તો વિગત આપો _____

૧૩) જે તે વિભાગમાંભાગ લેવા માટે :– _____

જન્મ તારીખનો દાખલો બિડેલ છે ? _____

૧૪) શારીરિક યોગ્યતા ધરાવતા હોવાનું સક્ષમ _____

ડૉકટરશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે ? _____

૧૫) આ સાહસિક રમત અંગેનું તમામ જોખમ પોતે જાતે _____

ઉઠાવવા અંગે પોતાનું અને વાલીનું સંમતિપત્ર સામેલ છે ? _____

૧૬) અન્ય :– નીચે જણાવેલ આનુસંગિક વિગતો સાથે જોડવી.

૧) તાજેતરના સ્ટેમ્પ સાઈઝના ફોટોગ્રાફસ નંગ–૨
(ફોટોગ્રાફસ ચોંટાડવા નહિ પરંતુ ફોટા પાછળ પૂરું નામ લખીને અલગ પ્લાસ્ટિક કવરમાં પ્રવેશપત્ર સાથે રાખવા.)

૨) ભાગ લેવા માટે જન્મ તારીખનો પ્રમાણિત દાખલો.

૩) સ્પર્ધકનું પોતાનું તથા વાલીનું સંમતિપત્ર.

૪) જે સંસ્થા મારફતે ભાગ લેતાં હોય તે શૈક્ષણિક અથવા બિનશૈક્ષણિક લાગુ હોય તે સંસ્થાનું પ્રમાણપત્ર.

૫) તબીબી પ્રમાણપત્ર.

૬) આધાર કાર્ડની નકલ સાથે જન્મતારીખનો દાખલો / લીવીંગ સર્ટિફિકેટ ફરજિયાત જોડવાના રહેશે.

નોંધ : ઈડર (સાબરકાંઠા) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો | પાવાગઢ (પંચમહાલ) ખાતે સિનિયર–જુનિયર ભાઈઓ–બહેનો | ચોટીલા (સુરેન્દ્રનગર) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો | ઓસમ (રાજકોટ) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો | પારનેરા (વલસાડ) ખાતે સિનિયર ભાઈઓ–બહેનો આરોહણ–અવરોહણ સ્પર્ધા યોજાતી હોય, સાબરકાંઠા, પંચમહાલ, સુરેન્દ્રનગર, રાજકોટ અને વલસાડ આ જિલ્લાના સ્પર્ધકો જુનાગઢ ખાતેની રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહિ, અને તેઓએ પોતાના જિલ્લામાં યોજાતી આરોહણ–અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

● જોખમ અંગે સ્પર્ધકનું સંમતિપત્ર ●

આથી હું આ નીચે સહી કરનાર સ્પર્ધક મારી લેખિત સંમતિ આપું છું કે, હું જાતે મારી રાજીખુશીથી અને ઈચ્છાથી હું આ ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધામાં મારા જોખમ અને જવાબદારીએ જોડાઉં છું. સ્પર્ધા દરમિયાન મને અથવા મારાથી કોઈને કોઈપણ પ્રકારના અકસ્માત–નુકસાન / ઈજા કે જાનહાની થાય તો તે અંગેની આયોજકની જવાબદારી રહેશે નહિ. આવી સઘળી જવાબદારી મારી પોતાની અંગત રહેશે. સમગ્ર સ્પર્ધાના નીતિ–નિયમો અને શરતો/સૂચનાઓ વાંચી સમજયા છે. જેનું પાલન કરીશ તથા તે પૈકી કોઈ નિયમ / શરતભંગ થયાનું જાહેર થાય તો કોઈપણ સમયે મને સ્પર્ધામાંથી બાકાત કર્યા અંગેના સ્પર્ધા દરમિયાનના કે સ્પર્ધા પછીના આયોજકોના નિર્ણયને ખેલદિલીપૂર્વક સ્વીકારીશ અને તે મને માન્ય રહેશે તથા કોઈ પણ બાબતે વાદવિવાદ કરીશ નહિ.

સ્થળ :–

તારીખ :– (સ્પર્ધકની સહી તથા પૂરું નામ)

● વાલીનું સંમતિપત્ર ●

આથી હું શ્રી _____ રહેવાસી (ગામ) _____

સરનામું _____ આથી મારી લેખિત સંમતિ આપું છું કે, અખિલ ગુજરાત ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા–૨૦૨૬–૨૭ માં મારા પુત્ર/પુત્રી/આશ્રિતશ્રી/કુ. _____ તેની રાજીખુશીથી આ સ્પર્ધામાં જોડાવા માગે છે તેને હુંમારી આથી લેખિત સંમતિ આપું છું. આ સ્પર્ધા સાહસિક અને જોખમી છે તે અમે જાણીએ છીએ. સ્પર્ધા દરમિયાન અમારા પુત્ર/પુત્રી/આશ્રિત સ્પર્ધકને કોઈપણ પ્રકારનો અકસ્માત / નુકસાન કે જાનહાની થાય તો તે અંગે આયોજકોની કોઈપણ જવાબદારી ગણાશે નહિ.

સ્થળ :–

તારીખ :– (વાલીની સહી તથા પૂરું નામ)

● શૈક્ષણિક સંસ્થા (શાળા/કોલેજ) ના વિદ્યાર્થી માટે આચાર્યશ્રીએ આપવાનું પ્રમાણપત્ર ●

આથી પ્રમાણપત્ર આપવામાંઆવે છે કે શ્રી / કુ. _____ આ શાળામાં/ કોલેજમાં ધોરણ _____ માં અભ્યાસ કરે છે અને આ શાળાના જી.આર. મુજબ તેની જન્મ તારીખ _____ છે અને ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા–૨૦૨૬–૨૭ માં _____ વિભાગમાં ભાગ લેવા આ શાળા / કોલેજ મારફત ઉપરોકત સ્પર્ધકને મોકલવામાં આવે છે.

સ્થળ :–

તારીખ :– (આચાર્યની સહી તથા શાળા કોલેજનો સિક્કો)

● બિનશૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર ●

આથી પ્રમાણપત્ર આપવામાંઆવે છે કે શ્રી/કું _____ રહેવાસી ગામ _____ તાલુકો _____ જિ. _____ જેમની જન્મ તારીખ _____ છે. તે અખિલ ગુજરાત ગિરનાર આરોહણ –અવરોહણ સ્પર્ધા–૨૦૨૬–૨૭ માં _____ વિભાગમાં સ્પર્ધક તરીકે રહેવા નિયમાનુસાર લાયકાત ધરાવે છે. તેમણે કોઈ હકીકત છુપાવી નથી અને કોઈ નિયમ વિરુદ્ધ ભાગ લેતા નથી. આ સ્પર્ધકને આ સંસ્થા તરફથી સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે.

સ્થળ :–

તારીખ :– (સંસ્થાના જવાબદાર પદાધિકારીશ્રીની સહી તથા સિક્કો)

• તબીબી પ્રમાણપત્ર •

૧) ખેલાડીનું પૂરું નામ : _____

૨) લોહીનું ગ્રૂપ : _____

૩) ઉંચાઈ (સે.મી.) _____

૪) વજન (કિ.ગ્રા.) _____

૫) ફેફસા કે હૃદયની બીમારી છે ? _____

૬) કોઈ મોટો રોગ છે ? _____

૭) શરીરના હાડકા ભાંગેલા છે ? _____

ભૂતકાળમાં કોઈ ઈજા થઈ હોય _____

તો તે દર્શાવવી _____

૮) ઉંચાઈ ઉપર જતા ચક્કર આવે છે ? _____

૯) ગિરનાર આરોહણ–અવરોહણ માટે _____

શારીરિક રીતે સક્ષમ હોવા અંગેનો _____

ડૉકટરશ્રીનો અભિપ્રાય : _____

(તબીબની સહી / સિકકો)

• અખિલ ગુજરાત ગિરનાર આહોરણ–અવરોહણ સ્પર્ધા – ૨૦૨૬–૨૭ માટેના નિયમો •

૧) આ સ્પર્ધામાં (૧)સિનિયર ભાઈઓ (૨) સિનિયર બહેનો (૩) જુનિયર વિભાગ ભાઈઓ (૪) જુનિયર વિભાગ બહેનો એમ કુલ ચાર વિભાગની અલગ–અલગ સ્પર્ધા રહેશે. (જુનિયર વિભાગ ૧૪ થી ૧૮ વર્ષ અને સિનિયર વિભાગ ૧૯ થી ૩૫ વયમર્યાદા રહેશે.) (જન્મ તા. ૧–૧–૨૦૦૯ થી ૩૧–૧૨–૨૦૧૩ જુનિયર વિભાગ) (જન્મ તા. ૧–૧–૧૯૯૨ થી ૩૧–૧૨–૨૦૦૮ સિનિયર વિભાગ)

૨) વિભાગવાર સ્પર્ધાનું અંતર, સમયમર્યાદા અને ઈનામોની વિગત નીચે મુજબ રહેશે.

૧) સિનિયર અને જુનિયર વિભાગ ભાઈઓ ગિરનાર તળેટીથી અંબાજી સુધીના ૫૫૦૦ પગથિયાં ચડીને ઉતરવાના રહેશે. નિયત સમય મર્યાદા ૧૨૦ મિનિટ (બે કલાક)

૨) સિનિયર બહેનો અને જુનિયર વિભાગના બહેનો બંને વિભાગના બહેનો માટે ગિરનાર તળેટીથી માળી પરબ સુધીના ૨૨૦૦ પગથિયાં ચડીને ઉતરવાની સમય મર્યાદા – ૭૫ મિનિટ.

૩) આ નિયત સમય મર્યાદામાં સ્પર્ધા પૂરી કરનાર સ્પર્ધકોને પ્રમાણપત્રો આપવામાં આવશે.

૪) દરેક વિભાગવાર પ્રથમ દસ વિજેતા હરીફોને નિયત પારિતોષિક અને પ્રમાણપત્ર આપવામાંઆવશે. ઉપરાંત કોઈ પ્રોત્સાહક ઈનામો જે તે વખતે જાહેર થશે તો તેવા સબંધકર્તા સ્પર્ધકને આવા ઈનામો આપવામાંઆવશે.

૩) ખેલાડી જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે શૈક્ષણિક સંસ્થા મારફતે જ પ્રવેશ મેળવી શકશે. અભ્યાસ ચાલુ ન હોય તેવા ખેલાડીએ કોઈપણ બિનશૈક્ષણિક માન્ય રમત–ગમત સંસ્થા મારફતે જ પ્રવેશપત્રો, નિયત પ્રવેશપત્રમાના સબંધિત પ્રમાણપત્રમાં સહી સિક્કા સાથે જ મોકલવાના રહેશે. **દરેક શૈક્ષણિક સંસ્થા વિભાગવાર મહતમ – ૦૭ અને બિનશૈક્ષણિક સંસ્થા વિભાગથી મહતમ – ૦૩ સ્પર્ધકો મોકલી શકશે.** કોઈ ખેલાડીએ વ્યકિતગત રીતે સીધા જ મોકલેલ પ્રવેશપત્ર માન્ય રહેશે નહિ. સંસ્થા જો ઈચ્છે તો ટીમ મેનેજરશ્રીનું નામ અગાઉ પ્રવેશપત્રો સાથે જ મોકલવાનું રહેશે. ટીમ મેનેજરશ્રીએ પણ સ્વખર્ચે આવવાનું રહેશે.

૪) આ સ્પર્ધા માટેની લાયકાત ધરાવતા હોય અને નિયત મુદતમાં સંપૂર્ણ વિગતો સાથેનું પ્રવેશપત્ર મોકલેલ હોય તેવા તમામ સ્પર્ધકોને પ્રવેશ આપવામાં આવશે. સ્પર્ધાની નિયત તારીખ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. દરેક સ્પર્ધકે ગિરનાર તળેટી, ભવનાથ–જુનાગઢ મુકામે જનરલ મીટીંગમાં તેમના પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે. આ સ્પર્ધામાં કોઈ વિશેષ અલગથી જાણકારી કરવામાં નહિ આવે. ભોજન વ્યવસ્થા સાંજથી કરવામાંઆવશે. (ખેલાડીઓની જનરલ બેઠક સ્પર્ધાના આગળના દિવસે ૧૬–૦૦ કલાકે શરૂ થશે.)

૫) પુરુષ વિભાગોની સ્પર્ધાનો સમય સવારના ૭–૦૦ કલાકથી શરૂ થશે તથા મહિલા વિભાગોની સ્પર્ધાનો સમય : સવારના ૯–૦૦ કલાકથી શરૂ થશે અને આ નિયત સમય કરતાં૩૦ મિનિટ પહેલા જે તે વિભાગના સ્પર્ધકે સ્પર્ધાના પ્રસ્થાન રેખા ઉપર ઉપસ્થિત રહેવાનું રહેશે.

૬) સ્પર્ધા પૂર્વે કે સ્પર્ધા દરમિયાન કોઈપણ સ્પર્ધકે કોઈ પ્રકારના માદક પદાર્થ કે ઉતેજક પીણાંનો ઉપયોગ કરી શકશે નહિ. જો તેમ કર્યાનું જાહેર થશે તો આવા સ્પર્ધકને પોલીસ સ્વાધીન કરવામાંઆવશે અને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે તેમજ પછીથી હકીકત જાહેર થયેથી વિજેતાપદ મેળવેલ હશે તો પણ વિજેતાપદેથી દૂર કરવામાંઆવશે.

૮) આ સમગ્ર સ્પર્ધા દરમિયાન ગિરનાર પર્વતના માત્ર પગથિયાનો જ ઉપયોગ કરવાનો રહેશે. સ્પર્ધાના માર્ગમાં આવતી કેડી કે અન્ય ટૂંકા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહિ.

૯) સમગ્ર સ્પર્ધા દરમિયાન ડોળી, લાઠી કે અન્ય કોઈ સહારા વિના પૂર્ણ કરવાની રહેશે.

૧૦) જે તે વિભાગ માટેના આપનાર નિયત ચેસ્ટ નંબર જ લગાડવાના રહેશે અને સ્પર્ધકની ચેસ્ટ અને પીઠ ઉપર દૂરથી દેખાય તે રીતે સૂચના અનુસાર ચેસ્ટ નંબરો સમગ્ર સ્પર્ધા દરમિયાન લગાવી રાખવાના રહેશે. તેમજ સ્પર્ધાને અનુરૂપ ગણવેશ ફરજીયાત પહેરવાનો રહેશે.

૧૧) આ સમગ્ર સ્પર્ધા અત્યંત સાહસિક અને જોખમી છે તેમ છતાં આ સ્પર્ધામાં જે તે સ્પર્ધકે તેમની પોતાની અને તેમના વાલીની ઈચ્છા અને સંમતિથી સ્પર્ધકએ પોતાના જોખમે જોડાવાનું રહેશે. સ્પર્ધા દરમિયાન કોઈ સ્પર્ધકને સ્પર્ધક દ્વારા અન્ય કોઈને નુકસાન / અકસ્માત / ઈજા કે જાનહાની થાય તો તે અંગેની આયોજકોની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૨) આ સ્પર્ધા માટે શારીરિક રીતે યોગ્ય હોય તેવા સ્પર્ધકોએ જ ભાગ લેવા કોઈ સ્પર્ધકને અગાઉ કોઈ મોટી ઈજા થઈ હોય, શારીરિક કે માનસિક ખોડખાંપણ હોય, અકસ્માત કે હાડકા ભાંગેલા હોય કે પર્વત ચઢાણને લીધે શ્વાસોશ્વાસમાં તકલીફ થતી હોય, બ્લડ પ્રેશરના દર્દી હોય અથવા હૃદય નબળું હોય, ચક્કર આવતાં હોય તેવી વ્યકિતઓએ આ સ્પર્ધામાં ભાગ લેવો નહિ. આમ છતાં આવી હકીકત છુપાવી સ્પર્ધામાં જોડાયા હશે અને તેવા સ્પર્ધકને કોઈ અકસ્માત થશે તો તે અંગેની આયોજકોની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૩) સ્પર્ધા દરમિયાન નિવાસ/ભોજન કે સમગ્ર સ્પર્ધા દરમિયાન ગેરશિસ્ત આચરનાર તથા સ્પર્ધાના કોઈ નિયમો કે સૂચનાઓનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી બાકાત કરવામાંઆવશે અને તે અંગેનો આયોજકોનો નિર્ણય આખરી ગણાશે. જેને કોઈ કક્ષાએ પડકારી શકાશે નહિ.

૧૪) સ્પર્ધાના વિજેતા અંગેના નિર્ણાયકો દ્વારા થનાર નિર્ણયને ખેલદિલીપૂર્વક સ્વીકારવાના રહેશે અને તે અંગે કોઈ વાદ/વિવાદ કરી શકાશે નહિ. વિતરણ સમારોહ પૂરો થાય બાદ આ સ્પર્ધા અંગેના કોઈપણ પ્રકારના આક્ષેપ/પ્રતિઆક્ષેપ કે વાદ/વિવાદ કરી શકાશે નહિ.

૧૫) સિવિલ સર્જન અથવા માન્ય ડોકટરનું શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૬) વાલીની સંમતિ અવશ્ય આપવાની રહેશે.

૧૭) અભ્યાસ કરતા વિદ્યાર્થી બિનશૈક્ષણિક જેવા કે રમત મંડળ, જેસીઝ, રોટરી સંસ્થામાંથી ભાગ લઈ શકશે નહિ. જો આવી હકીકત ધ્યાને આવશે. તો સ્પર્ધક સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહિ.

૧૮) સિનિયર વિભાગના ખેલાડી સ્પર્ધકો જુનિયર વિભાગમાં ઉંમર છૂપાવી ભાગ લેતા હોય છે. આવી હકીકત ધ્યાને આવશે તો, ત્રણ વર્ષ માટે આ સ્પર્ધામાંથી બાકાત થશે અને પુરસ્કાર, પ્રમાણપત્ર અને સ્પર્ધાના આપવામાં આવેલ તમામ લાભ પરત કરવાના રહેશે.

૧૯) **ઈડર (સાબરકાંઠા) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો; પાવાગઢ (પંચમહાલ) ખાતે સિનિયર–જુનિયર ભાઈઓ–બહેનો; ચોટીલા (સુરેન્દ્રનગર) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો; ઓસમ (રાજકોટ) ખાતે જુનિયર ભાઈઓ–બહેનો; પારનેરા (વલસાડ) ખાતે સિનિયર ભાઈઓ–બહેનો આરોહણ–અવરોહણ સ્પર્ધા યોજાતી હોય, સાબરકાંઠા, પંચમહાલ, સુરેન્દ્રનગર, રાજકોટ અને વલસાડ આ જિલ્લાના સ્પર્ધકો જુનાગઢ ખાતેની રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહિ, જો કોઈપણ સ્પર્ધક ઉપરોકત દર્શાવેલ પાંચ જિલ્લાની સ્પર્ધામાં ભાગ લઈને અખિલ ગુજરાત ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધામાં ભાગ લેશે તો તેને આ સ્પર્ધામાં ડિસ્કવોલિફાઈડ કરવામાં આવશે. તેઓએ પોતાના જિલ્લામાં યોજાતી આરોહણ–અવરોહણ સ્પર્ધામાં જ ભાગ લેવાનો રહેશે. જો આવું માલૂમ પડશે તો પુરસ્કાર, પ્રમાણપત્રો તેમજ સ્પર્ધામાં અહાપેલ તમામ લાભ પરત કરવાના રહેશે.**

૨૦) ચેરીટી કમિશનરશ્રી દ્વારા માન્ય મંડળો જ ન ભણતા ખેલાડીઓની ભલામણ કરી શકશે.

૨૧) સ્પર્ધામાંભાગ લેવા માટે રીપોર્ટીંગ સમયે રૂા.૨૦૦/– ડિપોઝીટ પેટે આપવાના રહેશે. તેમજ સ્પર્ધા સમય મર્યાદામાં એટલે કે ભાઈઓ ૨ કલાક અને બહેનો ૭૫ મિનિટમાં પૂર્ણ કરી હોય તેવા સ્પર્ધકોને જ ડિપોઝીટ પરત મળશે.

૨૨) પ્રવેશપત્રમાં માગ્યા મુજબની પૂરી હકીકત સ્વચ્છ અક્ષરોમાં ભરી સાથે સામેલ કરવાના દરેક સાધનિક કાગળો સાથે તા. ૧૧–૧૨–૨૦૨૬ સુધીમાં સાંજના ૫–૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે રૂબરૂ અથવા ટપાલ મારફતે પહોંચતા કરવાના રહેશે. ''જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. ૧/૧, સરદારબાગ, જુનાગઢ.'' ફોન : ૦૨૮૫–૨૬૩૦૪૯૦ નંબર ઉપર સંપર્ક કરવાથી જરૂરી માર્ગદર્શન મળી શકશે.

૨૩) સ્પર્ધાના આગળના દિવસે સાંજે ૧૬:૦૦ કલાક પહેલાં રીપોર્ટ કરનાર સ્પર્ધકને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.

૨૪) **પ્રવેશપત્ર સાથે જરૂરી વિગતો તેમજ આધારકાર્ડ અને જન્મ તારીખનો દાખલો/લીવીંગ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ જોડેલી નહિ હોય તેમનું પ્રવેશપત્ર રદ્દ થવાપાત્ર છે.**

૨૫) ઉપરોકત નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે. જેની હું બાયેંધરી લખી આપું છું.

૨૬) સ્પર્ધામાં વિજેતા થનાર સ્પર્ધકોએ પોતાના બેંક એકાઉન્ટનો કેન્સલ ચેક અથવા પાસબુકની નકલ સ્પર્ધાના ઈનામ વિતરણ કાર્યક્રમમાં આપવાના રહેશે. અત્રેની કચેરીએ આપવાની રહેશે અન્યથા રોકડ પુરસ્કાર ન મળ્યે જે તે વિજેતા સ્પર્ધકની જવાબદારી રહેશે.

૨૭) સ્પર્ધા માટે પસંદગી થયેલ સ્પર્ધકોના નામની યાદી facebook id : Dydo Junagadh પર મુકવામાં આવશે.

સ્પર્ધકની સહી : _____

પૂરું નામ અને મોબાઈલ નં. : _____

_____